[Gujarati]

ઓક્ટોબર 2018

પ્રિય ગ્રેડ 4 થી 12ના વિદ્યાર્થીઓના માતાપિતા/વાલીઓ,

પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડમાં, અમે શ્રેષ્ઠ શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છીએ જેથી બધા વિદ્યાર્થીઓ વ્યક્તિગત શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે. એ માટે અમારે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોની વાસ્તવિક જરૂરિયાતોને સમજી લેવી જરૂરી છે. આ કાર્યમાં અમને સહયોગ આપવા માટે, અમે સહર્ષ જાહેરાત કરીએ છીએ કે આગામી મહિને અમે અમારી પ્રથમ વિદ્યાર્થી વસ્તી ગણતરી હાથ ધરીશું.

19 થી 30 નવેમ્બર 2018 સુધીમાં, ગ્રેડ 4 થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ગમાં વસ્તી ગણતરીનું ફોર્મ આપવામાં આવશે. પ્રશ્નાવલી ભરવામાં આશરે એક વર્ગનો સમય લાગશે અને તેમાં વિદ્યાર્થીને શાળાના અને શાળા બહારના પોતાના અને પોતાના અનુભવો વિશેના પ્રશ્નો પુછવામાં આવશે. કિન્ડરગાર્ટનથી ગ્રેડ 3માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ફોર્મ તેમના માતાપિતા કે વાલીએ ભરવાના રહેશે.

વસ્તી ગણતરીના નિષ્કર્ષથી બોર્ડ અને અમારી શાળાઓને આમાં સહાયરૂપ થશે:

• વિદ્યાર્થીની વસ્તી અને શાળા સમુદાયોને વધુ સારી રીતે સમજવા

• વિદ્યાર્થીની સફળતા, સમાવેશ અને સુખાકારી આડેના અવરોધોને ઓળખવા અને દૂર કરવા

• અસરકારક પ્રોગ્રામ ઘડવા અને જ્યાં સૌથી વધુ જરૂર હોય ત્યાં સંસાધનો પહોંચાડવા

વિદ્યાર્થીની વસ્તી ગોપનીય છે, પરંતુ તે અનામી નથી. બધા એકત્રિત જવાબો સુરક્ષિત, ગોપનીય ડેટાબેઝમાં સંગ્રહિત કરવામાં આવશે અને પીલ વિદ્યાર્થીઓ વચ્ચેના વલણોને ઓળખવા અને સારાંશ મેળવવા માટે <u>માત્ર</u> અધિકૃત સંશોધન સ્ટાફ દ્વારા જ એક્સેસ કરવામાં આવશે. વ્યક્તિગત વાલી પ્રશ્નાવલિનું વિશ્લેષણ કરવામાં આવશે નહીં. પીલ બોર્ડ વિદ્યાર્થીઓ વિશેની માહિતી એકત્ર કરવામાં ગુપ્તતા અને ગોપનિયતાના ઉચ્ચતમ સ્તરે પ્રતિબદ્ધ છે અને મ્યુનિસિપલ ફ્રીડમ ઓફ ઇન્ફર્મેશન એન્ડ પ્રોટેક્શન ઓફ પ્રાઇવસી એક્ટ (એમએફઆઇપીપીએ) માં દર્શાવેલી બધી ગોપનીયતા જરૂરિયાતોનું પાલન કરે છે. વિદ્યાર્થીની વસ્તી ગણતરી દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતી ફક્ત શૈક્ષણિક અને સંશોધન હેતુઓ માટે એજ્યુકેશન એક્ટ (આરએસઓ 1990, સી. ઇ. 2, સુધારેલા) ની કાનૂની સત્તા હેઠળ એકત્રિત કરવામાં આવે છે.

વિદ્યાર્થી વસ્તી ગણતરીમાં બધા વિદ્યાર્થીઓની લાગણીને વાચા મળે એ માટે જેટલો ફોર્મ ભરવાનો દર વધારે તેટલી શાળા સુધારણા અને પ્રોગ્રામ પ્લાનિંગ માટે સમૃદ્ધ અને વધુ વિશ્વસનીય માહિતી મળશે. તમે નિર્ણય લીધો હોય કે તમારા સંતાન વિદ્યાર્થી વસ્તી ગણતરીમાં ભાગ નહી લે તો, નીચેનું ફોર્મ ભરીને 14 નવેમ્બર સુધીમાં તમારા સંતાનની શાળાએ પહોંચતું કરો.

જો તમને કોઈ પ્રશ્નો હોય તો કૃપયા આ પત્રની પાછળની હકીકતોની સમીક્ષા કરો. તમે www.peelschools.org/studentcensus ની પણ મુલાકાત લઈ શકો છો અથવા પીલ બોર્ડના રિસર્ચ એન્ડ એકાઉન્ટિબિલિટી વિભાગનો 905-890-1010 એક્સ્ટેન્શન 3523 કે studentcensus@peelsb.com પર સંપર્ક કરી શકો છો.

હંમેશની જેમ, અમે તમારા સતત સમર્થન બદલ આભાર વ્યક્ત કરીએ છીએ કારણ કે અમે દરેક વિદ્યાર્થીમાં સફળતા, આત્મવિશ્વાસ અને આશાને પ્રેરણા આપીએ છીએ.

પિટર જોશુઆ

ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન

---

જો તમારૂ સંતાન વિદ્યાર્થી વસ્તી ગણતરીમાં **<u>ભાગ ન લે</u>** એમ તમે ઇચ્છતા હો તો કૃપયા નીચેનો વિભાગ ફાડીને તમારા સંતાનની શાળાએ **<u>14 નવેમ્બર 2018 સુધીમાં</u>** પહોંચતો કરો.

મારી ઇચ્છા **<u>નથી</u>** કે મારૂ સંતાન,____________________, વિદ્યાર્થી વસ્તી ગણતરી 2018માં ભાગ લે.

(વિદ્યાર્થીનુ નામ લખો)

માતાપિતા/વાલીનું નામ: _______________ સહી: ____________________

**વારંવાર પૂછાતા પ્રશ્નો**

**પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓની વસ્તી ગણતરીનો હેતુ શું છે?**

વસ્તી ગણતરીના નિષ્કર્ષથી બોર્ડ અને અમારી શાળાઓને આમાં સહાયરૂપ થશે:

- વિદ્યાર્થીની વસ્તી અને શાળા સમુદાયોને વધુ સારી રીતે સમજવા

- વિદ્યાર્થીની સફળતા, સમાવેશ અને સુખાકારી આડેના અવરોધોને ઓળખવા અને દૂર કરવા

- અસરકારક પ્રોગ્રામ ઘડવા અને જ્યાં સૌથી વધુ જરૂર હોય ત્યાં સંસાધનો પહોંચાડવા

**વિદ્યાર્થીની વસ્તી ગણતરીમાં કયા પ્રકારનાં પ્રશ્નો શામેલ છે?**

વિદ્યાર્થીની વસતિ ગણતરીમાં વિદ્યાર્થીઓની ઓળખ, કૌટુંબિક લાક્ષણિકતાઓ, શાળાના અનુભવો અને વિદ્યાર્થી સુખાકારી વિશે આશરે 30 વૈકલ્પિક પસંદગીના પ્રશ્નો છે.

**મારા સંતાનને વસ્તી ગણતરીના દરેક પ્રશ્નનો જવાબ આપવો પડશે?**

વિદ્યાર્થીની વસ્તી ગણતરીમાં ભાગ લેવો સ્વૈચ્છિક છે. જો વિદ્યાર્થી કે તેના માતાપિતા કે વાલી જવાબો આપવા માંગતા ન હોય તો અથવા તમે ભાગ લેવાનું પસંદ ન કરતા હો તો પ્રશ્નોને છોડી દેવાનું પસંદ કરી શકો છો. જો કે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે જેટલા ફોર્મ વધુ ભરાશે તેટલી વધારે, સમૃદ્ધ અને વધુ વિશ્વસનીય માહિતી શાળા સુધારણા અને પ્રોગ્રામ પ્લાનિંગ માટે મળશે.

**હું મારા સંતાનની ભાગીદારી પહેલા વિદ્યાર્થી વસ્તી ગણતરીની નકલ જોઈ શકું?**

વસ્તી ગણતરીની નકલ www.peelschools.org/studentcensus પર ઉપલબ્ધ છે.

**મારા સંતાનના જવાબો કેવી રીતે ગોપનીય રાખવામાં આવશે?**

જ્યારે વસ્તી પત્રકની વિદ્યાર્થીઓને વહેચણી કરાશે ત્યારે તેમાં વિદ્યાર્થીના નામ સાથે એક ઇન્સર્ટ હશે. આ વિદ્યાર્થીની ઓળખ સાથેનું એક માત્ર પૃષ્ઠ હશે. વિદ્યાર્થીઓને આ સંપૂર્ણ ભરેલ વસ્તીપત્રક સુપત્ર કરતાં પહેલા આ ઇન્સર્ટ કાઢી નાંખવાની સુચના અપાશે. સંપૂર્ણ ભરેલ પ્રશ્નોત્તરીમાં તેમના અંગેની ઓળખી શકાય તેવી માહિતી નહીં હોય અને વિદ્યાર્થી દ્વારા એલ પરબિડીયામાં સીલ કરાશે. કોઇ પ્રશ્ન અંગે વિદ્યાર્થીઓને જો સ્પષ્ટતાની જરૂરત હશે તો ટીચીંગ સ્ટાફ ઉપલબ્ધ હશે પણ વિદ્યાર્થીની ગુપ્તતાના રક્ષણ ખાતર તેઓ કોઇ પ્રતિભાવ જોશે નહી.

કોઇ જાતની ઓળખી શકાય તેવી માહિતી (દા. ત. વિદ્યાર્થીનું નામ કે નંબર વિના) સંપુર્ણ ભરેલ પ્રશ્નોતરી વિદ્યાર્થી દ્વારા એક પરબિડીયામાં સીલ કરવામાં આવશે અને દરેક શાળા દ્વારા સુરક્ષિત ડેટાબેઝના સ્કેન અને પ્રક્રિયાના પ્રતિસાદો માટે પીલ બોર્ડ દ્વારા કોન્ટ્રાક્ટવાળી બહારની કંપનીને મોકલવામાં આવશે. આ ગોપનીય ડેટાબેઝ સંશોધન વિભાગ દ્વારા ફક્ત વિશ્લેષણ અને સંશોધન હેતુઓ માટે જ એક્સેસ કરવામાં આવશે. આ પગલાં મ્યુનિસિપલ ફ્રીડમ ઓફ ઇન્ફર્મેશન એન્ડ પ્રોટેક્શન ઓફ પ્રાઇવસી એક્ટ (એમએફઆઇપીપીએ) નું પાલન કરે છે.

**ગોપનીય વસ્તી ગણતરી અને અનામી વસ્તી ગણતરી વચ્ચે શું તફાવત છે?**

વિદ્યાર્થીની વસ્તી ગણતરી ગોપનીય છે, પરંતુ તે અનામી નથી. વસ્તી ગણતરી પ્રશ્નાવલીઓ દરેક વિદ્યાર્થીના આઇડી નંબર સાથે જોડાયેલા અનન્ય કોડના લેબલ સાથેની હોય છે. આ યૂનિક કોડથી બોર્ડના રિસર્ચ ડિપાર્ટમેન્ટને પ્રતિભાવનું વિશ્લેષણ કરવામાં ઉપયોગી નિવડે છે. તેમાં અગાઉ એકત્રિત કરાયેલા અન્ય ડેટા (ભૂતપૂર્વ સરનામાં, ઘરમાં બોલાતી ભાષાઓ, ગ્રેડ, વગેરે) નો ઉપયોગ કરવામાં આવે છે. જેના પરિણામે પીલ વિદ્યાર્થીઓની સમજણ વધુ વિકસે છે. માતાપિતા/વાલીઓ દ્વારા પ્રદાન કરેલી માહિતી ગોપનીય રાખવા વિદ્યાર્થીનું નામ અથવા ID નંબર જેવી કોઈ વ્યક્તિગત ઓળખ પ્રશ્નાવલિ પર દેખાશે નહી.

**વસ્તીગણતરીના ડેટાનો ઉપયોગ કેવી રીતે થશે?**

એકવાર પ્રતિભાવો મળી જાય અને તેનું વિશ્લેષણ થઈ જાય પછી પીલ બોર્ડનો સંશોધન વિભાગ બોર્ડ અને શાળાઓને પ્રોગ્રામ અને સૂચના માટે નિર્ણય લેવામાં સહાય માટે શ્રેણીબદ્ધ રિપોર્ટ બહાર પાડશે. સમર્પિત ડેટાનો ઉપયોગ સમુદાયના ભાગીદારો અને સરકારી એજન્સીઓને સમુદાયોની જરૂરિયાતોને સારી રીતે પૂરી કરવામાં તેમની સેવાઓને બહેતર બનાવવામાં સહાય કરવા માટે શેર કરવા માટે કરી શકાય છે. ડેટા રિપોર્ટ્સ અથવા વિશ્લેષણ ક્યારેય વિદ્યાર્થીને બહાર કાઢશે નહીં. કાયદેસર રીતે, પીલ બોર્ડ વસ્તી ગણતરી ફોર્મ ભર્યું હોય તેવા કોઈ પણ વિદ્યાર્થી/માતા-પિતાની વ્યક્તિગત માહિતી જાહેર કરી શકશે નહી.